**જાહેરનામું**

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/**૧૫**/૨૦૨૫,

તા.૧૭/૫/૨૦૨૫

હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે અખબારનગર સર્કલ ખાતેની ટ્રાફિક સમસ્યા નિવારવા અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુંકમ :-**

અમદાવાદ શહેરમાં નારણપુરા વિસ્તારમાં અખબારનગર સર્કલ આવેલ છે. આ સર્કલ ખાતે વધુ પ્રમાણમાં વાહનોની અવર-જવર રહેતી હોય છે. તેમજ સદર સર્કલ ખાતે સવારે કડીયાનાકું ભરાતુ હોય, આજુબાજુમાં કોમર્શીયલ કોમ્પલેક્ષ પણ મોટા પ્રમાણમાં આવેલા હોય,આજુબાજુમાં શાકમાર્કેટ તથા લારી-ગલ્લાવાળાઓ પણ ઉભા રહેતા હોવાથી મુખ્ય રોડની આજુબાજુ વાહન ચાલકો તેઓના વાહનો પાર્ક કરતા હોય આ ચાર રસ્તા ખાતે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોય છે. અખબારનગર સર્કલ પાસે આવેલ અખબારનગર સર્કલથી શ્રીનાથ એ.એમ.ટી.એસ. ડેપો તરફ જતો રોડ તથા હરીઓમ ચાર રસ્તાથી અખબારબગર સર્કલ સુધી આવતો રોડ વન-વે કરવાથી આ ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તેમ છે. જેથી ટ્રાફિકની સમસ્યાના નિવારણ સારુ નીચે મુજબની વિગતે તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે વન-વે માર્ગ જાહેર કરવામાં આવે છે.

| **વાહનોની અવર-જવર માટે વન-વે માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
|---|---|
| હરીઓમ ચાર રસ્તાથી શ્રી સ્વામીવિવેકાનંદ લાઇબ્રેરી થઇ જોગણીમાતાના મંદિર સામે થી શિવમ ફ્લેટથી અખબારનગર સર્કલ તરફ આવતો આશરે ૯૦૦ મીટરનો રોડ/માર્ગ વાહનોના જવા માટે વન-વે રહેશે. | અખબારનગર સર્કલ એ.એમ.ટી.એસ. ડેપોથી આનંદનગર સર્કલ (જૈન દેરાસર) થઇ શ્રીનાથ બસ સ્ટેન્ડ તરફ આવતા રોડ/માર્ગ પર વાહનો આવી શકશે. |

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૮/૫/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૧૭/૫/૨૦૨૫
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.